# એક વ્યકિતની નહી ગુજરાતીઓની સરકાર બનાવીએ : રાહુલ

## સાબરકાંઠાની ધરતી ઉપર નરેન્દ્ર મોદીનું નામ લીધા વગર રાહુલે પ્રહારો કર્યા : ત્રણ કલાક લેટ છતાં એક લાખથી પણ વધુ જનમેદની તડકામાં રાહુલને સાંભળવા બેસી રહી

(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)







હિંમતનગર, તા. ૧૩

ગુજરાત વિધાન સભાની પ્રથક તબકકાની ચૂંટણી આજે પૂર્ણ થઈ છે ૧૭મીએ ઉત્તર ગુજરાત સહિતના વિસ્તારોમાં બીજા તબકકાની ચૂંટણી યોજાનાર છે ત્યારે સાબરકાંઠાના શામળાજી ખાતે એક લાખથી વધારે જનમેદનીને સંબોધતા કોગ્રેસના યુવરાજ રાહુલ ગાંધીએ નરેન્દ્ર મોદીનું નામ લીધા વગર સીધા પ્રહારો કરતાં ગુજરાતમાં એકજ વ્યકિતનો અવાજ સંભળાઈ રહયો છે. પ્રજાનો અવાજ દબાવવામાં આવી રહયો છે. શામળાજી ખાતે નિયત સમય કરતાં રાહુલ ત્રણ કલાક મોડા પડયા હોવા છતાં લોકો તડકામાં તેમને સાભળવા માટે બેસી રહયા હતા.

આજ રોજ સાબરકાંઠા વિધાન સભાની ૭ બેઠકોના સેન્ટરમાં આવેલા શામળાજી ખાતેથી જનસભાને સંબોધતાં કોગ્રેસના મહાસચિવ અને યુવરાજ રાહુલ ગાંધીએ કહયુ કે આ મહાત્મા ગાંધીનું ગુજરાત છે. મહાત્મા ગાંધીના સિધ્ધાતોને વિચારોને વરેલો છુ. રાજ નેતાઓએ લાંબી સોચ રાખીવી જોઈએ મોદીનું નામ લીધા સિવાય રાહુલ ગાંધીએ જણાવ્યુ હતુ કે ગુજરાતમાં આમ આદમીનો અવાજ દબાવાય છે. ગુજરાત એક વ્યકિતથી ચાલતો હોય તેવો દંભ ઉભો કરવામાં આવી રહયો છે. ગુજરાતનો વિકાસ કોઈ એક વ્યકિતનો નહી પણ મહિલાઓ, ખેડુતો અને યુવાનોની મહેનતનું ફળ છે. દેશ આઝાદ કરનાર મહાત્મા ગાંધી ગુજરાતના હતા. આજે જે બધાં જ લોકો મોબાઈલનો ઉપયોગ કરે છે. તે મોબાઈલની શોધ કરનાર શ્યામ પિત્રોડા પણ ગુજરાતના હતા. જેનો ઈતિહાસ અને આપ સહુ ગવાહ છો. ડેરી ઉધોગના વિકાસ માટે મહિલાઓનું મહત્વનુ યોગદાન છે. શિક્ષણ ક્ષત્રે ગુજરાતના યુવાનોનું દેશ ભરમાં પ્રદાન છે. ખેડુતોની મહેનત થી ખેતી ક્ષત્રે ગુજરાત આગળ છે. ત્યારે કોઈ એક વ્યકિત એવુ કહે કે બધુ હુ જ કરૂછુ તે કેમ માની લેવાય. ગુજરાતમાં એક વ્યકિતની શકિત નહી પરંતુ પ્રજાની શકિતી છે. ત્યારે પ્રજાએ આ વખતે કોગ્રેસને મત આપી એક વ્યકિત નહી પણ સમગ્ર ગુજરાતીઓની સરકાર બનાવવા હાકલ કરી હતી.

સાબરકાંઠા જિલ્લાની ૭ વિધાન સભા બેઠકો પૈકી ૬ બેઠક ઉપર કોગ્રેસે યુવાન ઉમેદવારોને ટિકીટ આપી છે. જેના કારણે કોગ્રેસમાં જોમ પુરાયુ છે. કોગ્રેસના ઉમેદવાર રાજેન્દ્રસિંહ ચાવડા, (હિંમતનાગર), રામભાઈ સોલંકી(ઈડર), અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા),અનિલ જો"ાીયારા(ભિલોડા), મહેન્દ્ર સિંહ વાઘેલા(બાયડ), રાજન્દસિંહ ઠાકોર(મોડાસા), મહેન્દ્રસિંહ બારૈયા(પ્રાંતિજ) એ રાહુલ ગાંધીનુ અભિવાદન કર્યુ હતું રાહુલ ગાંધીની સભામાં એ.આઈ.સી.સી.ના મહામંત્રી મધુસુદન મિસ્ત્રી, સેક્રેટરી ઈર્શાદ મિરજા, ગુજરાતના પ્રભારી મહોન પ્રકાશ ઝાએ પ્રશાંગિક પ્રવચનમાં ૧૭ ડિસેમ્બરે જંગી મતદાન કરી ગુજરાતનુ સુકાન કોગ્રેસના હાથમાં સોંપવા મતદારોને અપિલ કરી હતી.

## રાહુલે જાતે મંચ ઉપરની ખુરશીઓ ભેગી કરી

કોગ્રેસના મહાસચિવ અને યુવરાજ રાહુલ ગાંધીના વિનમ્ર સ્વાભવ અને સાદગીથી સૌ કોઈ વાકેફ છે. આજે સાબરકાંઠાના શામળાજી ખાતેની જાહેર સભામાં તેનો પ્રત્યક્ષ અનુભવ જન મેદનીએ પોતાની આંખે નિહાળ્યો હતો. રાહુલે મંચ ઉપરથી જનમેદનીને સંબોધ્યા બાદ મંચ ઉપરની પ્લાટીકની ખુરશીઓ પોતાના હાથે ભેગી કરી એક બાજુ મુકતાં તેમના આ વિનમ્ર સ્વાભવની લોકોએ પેટભરીને પ્રસંશા કરી રહયા હતા અને લોકો ખુલ્લા મને કહી રહયા હતા કે કયાં નરેન્દ્ર મોદીનો ઠઠારો અને કયાં રાહુલ ગાંધીની સાદગી.

## ખેડબ્રહ્માામાં ભવાઈના કાર્યક્રમ દ્વારા લોકજાગૃત્તિ કાર્યક્રમ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૧૩

ખેડબ્રહ્મા તાલુકા હેલ્થ ઓફિસ દ્વારા તાલુકાના ૮ જેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કાર્ય વિસ્તારના ગામોમાં તા. ૯થી ૧૫ ડિસેમ્બર-૨૦૧૨ દરમ્યાન ગ્રામ્ય કક્ષાએ ડેન્ગ્યુ, ચિકનગુનીયા, મેલેરીયા સામે જનજાગૃત્તિ લાવવા તેમજ વિધાનસભા ચૂંટણીમાં મતદાન જાગૃત્તિ અભિયાન અન્વયે શેરી નાટક 'મતદાન અધિકાર અમારો'ના તાલુકામાં ૫૦ ભવાઈના સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. આ ઉપરાંત આરોગ્ય કર્મચારીઓ, અધિકારી દ્વારા દર બુધવારે યોજાતા ૪૦ જેટલા મત કેન્દ્રો પર ૭૬૯૦ જેટલી બહેનોએ મતદાન જાગૃતિ અભિયાન હેઠળ મતદાન કરવા અને પ્રતિજ્ઞા લેવડાવી હતી.

## બાયડની એન.એચ. શાહ શાળાનું ગૌરવ

બાયડ, તા.૧૩

બાયડ શહેરની એન.એચ. શાહ હાઈસ્કુલનું ધો-૧૨ વિજ્ઞાનપ્રવાહ સેમેસ્ટર-૩નું પરિણામ ૧૦૦ ટકા આવતા શાળા પરિવારમાં આનંદ છવાયો હતો.

શાળામાં પ્રથમ ક્રમે જય સંજયભાઈ શાહ બીજા ક્રમે શિવાની રમણીકભાઈ ચૌધરી તૃતીય સ્થાને વિરાજ ચંદ્રકાંતભાઈ સથવારા ઉત્તીર્ણ થયા છે. શાળાના શિક્ષકો તથા વિદ્યાર્થીઓને બાયડ કેળવણી મંડળના કનુભાઈ પટેલ, ચેરમેન, મોતીભાઈ પટેલ, આચાર્ય ઉન્મેશ પટેલ સહિત નગરના અગ્રણીઓએ હાર્દિક શુભેચ્છા પાઠવી હતી.

## પ્રાંતિજ એપ્રોચ માર્ગ પરથી રેતીના ઢગલા દૂર કરવા ગ્રામજનોની માંગ

પ્રાંતિજ, તા.૧૩

પ્રાંતિજ નેશનલ હાઈ-વેથી ભાખરીયા તરફ જવાના એપ્રોચ રોડની બંને બાજુએ રેતીના ઢગ ખડકાયા છે. રોડની સાઈડમાં રેતીના ઢગથી અવાર નવાર અકસ્માતો સર્જાતા રહે છે ત્યારે પ્રાંતિજના નગરજનોએ આ મામલે તંત્ર કક્ષાએ અનેકવાર રજુઆત કરવા છતાં પણ રેતીના ઢગ દુર ન થતાં લોકોમાં પ્રબળ રોષ ફેલાયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ પ્રાંતિજ નેશનલ હાઈવેથી ભાખરીયા તરફ જવાના રસ્તાની બંને સાઈડમાં રેતીના ઢગ પથરાયેલા છે. રોડ પરથી પસાર થતા વાહન ચાલકો સહેજ પણ ગફલત થાય તો આ રેતીના ઢગના કારણે અકસ્માત સર્જાય છે. તેમજ આ વિસ્તારમાં સ્કુલ આવી હોવાથી પ્રાંતિજ શહેરના વિદ્યાર્થીઓ રોજ અહીંથી આવન જાવન કરે છે. સાઈકલ સવાર વિદ્યાર્થીઓ રેતીના ઢગના કારણે અનેકવાર સ્લીપ થઈ નીચે પટકાતા ઈજાઓ પણ પહોંચે છે. બાઈક ચાલકોની પણ આજ પરિસ્થિતિ છે. તેમનું સહેજ પણ ધ્યાન ચુક થાય તો અકસ્માત સર્જાય છે. પરિસ્થિતિથી તંગ આવી પ્રાંતિજના શહેરીજનોએ તંત્ર કક્ષાએ અનેકવાર ઉગ્ર રજુઆત કરવા છતાં પણ ભાંખરીયા જવાના માગ પરથી રેતીના ઢગ દુર ન થતાં લોકોમાં પ્રબળ રોષ વ્યાપ્યો છે અને તાત્કાલિક ધોરણે આ સમસ્યાનું નિરાકરણ આવે તેવી માંગ કરી રહ્યા છે.

## તલોદના સલાટપુર ગામે ખેતરમાંથી પાંચ ફુટ લાંબો સાપ ઝડપાયો

તલોદ, તા.૧૩

તલોદ તાલુકાના સલાટપુર ગામે આજે બપોરના સમયે એક ખેતરમાં પાંચ ફુટ લાંબો જીવલેણ સાપ ખેત મજુરોને નજરે પડતા ભારે સન્નાટો મચી ગયો હતો. જો કે થોડી જ વારમાં તલોદ ફોરેસ્ટરે પોતાની ટીમ સાથે આવી સાપને ઝબ્બે કરી લીધો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર તલોદ તાલુકાના સલાટપુર ગામે ગત રોજ બપોરે ધનજીભાઈના ખેતરમાં આશરે ૫ ફુટ લાંબો જીવલેણ સાપ ખેત મજુરોને નજરે પડતા ખેતરમાં દોડધામ મચી જવા પામી હતી. આવા જીવલેણ સાપને ઝબ્બે કરી લેવા માટે તલોદ ફોરેસ્ટરને જાણ કરતા ફોરેસ્ટર પી.જે. પરમાર, અને જીતુભાઈ જોષી તાત્કાલિક સલાટપુરમાં ધનજીભાઈ પટેલના ખેતરે તાબડતોબ દોડી આવ્યા હતા અને અડધો કલાકની ભારે જહેમત બાદ સાપને જીવતો પકડી પાડયો હતો.

આમ તલોદના ફોરેસ્ટરની ઝડપી મદદ મળી જતા અનહોની થી બચી જતા ખેડૂતોએ હાશકારો અનુભવ્યો હતો. જયારે વનવિભાગે સાપને પકડી ગાંધીનગર ઈન્દ્રોડા પાર્કમાં સોંપી દેવાયો હતો.

## પાટણ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં મતદાર જાગૃતિ અભિયાન રથનું ઉષ્માભર્યું સ્વાગત

વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ અન્વયે પાટણ જિલ્લામાં વધુમાં વધુ મતદાન થાય તે માટે તંત્ર દ્વારા વિવિધ -યાસો હાથ ધરવામાં આવ્યા છે. જિલ્લાના ૭ તાલુકાઓમાં ૭ મતદાન જાગૃત્તિ રથ ફેરવવાનું આયોજન કરેલ છે. ગ્રામ્ય વિસ્તારોમાં વધુ મતદાન થાય તે માટે ગત ચૂંટણીમાં જયાં ઓછું મતદાન થયું હોય તેવા ૨૧૦ ગામડાઓમાં તા. ૧૧/૧૨/૧૨ના રોજ મતદાન જાગૃત્તિ રથનું જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી દ્વારા -સ્થાન કરવામાં આવ્યું હતું. રથ પાટણ તાલુકાના ૬ ગામો, ચાણસ્મા તાલુકાના ૬ ગામો, સિધ્ધપુર તાલુકાના ૬ ગામો, હારીજ તાલુકાના ૬ ગામો, હારીજ તાલુકાના ૬ ગામો, સમી તાલુકાના ૬ ગામો, રાધનપુર તાલુકાના ૬ ગામો અને સાંતલપુર તાલુકાના ૬ ગામો એમ કુલ ૪૨ ગ્રામ્ય વિસ્તારોમાં યુવાનો, મહિલાઓ, વિદ્યાર્થીઓ, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી રથનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)



ડીસામાં વિવિધ સ્કૂલોના વિદ્યાર્થીઓ અને નગરપાલીકાના કર્મચારીઓ તેમજ સરકારી કર્મચારીઓ દ્વારા મતદાન જાગૃત્તિ રેલી નીકળી હતી. ડીસા મામલતદાર કચેરીથી નીકળેલી રેલી શહેરના વિવિધ માર્ગો પર ફરી હતી. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં તમામ મતદારો પોતાના ઉમેદવારને ચૂંટવા માટે સો ટકા મતદાન કરે તે માટે જાગૃત્તિ લાવવા માટે તંત્ર દ્વારા પ્રયાસો હાથ ધરાયા છે. ત્યારે શહેરમાં નીકળેલી રેલીમાં વિવિધ બેનરો અને સૂત્રોચ્ચાર સાથે મતદાનનું મહત્વ સમજાવ્યું હતું. રેલીમાં ડીસા મામલતદાર, સહિત શહેરનું વહીવટીતંત્ર અને ટ્રાફીક સમસ્યાને ખાળવા માટે શહેર પોલીસના ટ્રાફીક વિભાગે જહેમત ઉઠાવી હતી.

## ઊંઝા પાસે ટ્રક-લકઝરી વચ્ચે અકસ્માત : ત્રણના મોત

ઊંઝા, તા. ૧૩

ગઈરાત્રે ઊંઝા-મહેસાણા ફોરલેન હાઈવે પર ઉનાવા નજીક લોખંડનો સામાન્ ભરીને જઈ રહેલ રાજસ્થાનની ટ્રની પાછળ મુસાફરો ભરીને જઈ રહેલ રાજસ્થાનની ખાનગી લકઝરી બસ જોરદાર ધડાકા સાથે અડાતાં સર્જાયેલ ગોઝારા અકસ્માતમાં લકઝરી બસના બે ડ્રાઈવરો અને એક કલીનર મળી કુલ ત્રણ વ્યક્તિઓના ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યા હતા. જ્યારે અન્ય કેટલાક મુસાફરોને ઈજાઓ પહોંચી હતી.

અમદાવાદથી લોખંડનો સામાન ભરીને ટ્રક નં. આર.જે. ૨૨-જી-૦૬૩૩ જોધપુર જઈ રહી હતી. ત્યારે માર્ગમાં મહેસાણા-ઊંઝા વચ્ચે ફોરલેન હાઈવે પર ઉનાવા નજીક રાત્રીના અઢી વાગ્યાના સુમારે વાપીથી જોધપુર જતી રાજસ્થાનની ખાનગી લકઝરી બસ નં. આર.જે. ૧૯-પી.બી.-૦૧૨૩ રાજસ્થાનની ટ્રકની પાછળના ભાગે ધડાકાભેર અથડાતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.

લકઝરી બસ ટ્રક પાછળ ઘુસી જતાં લકઝરી બસના ચાલક તેજ કેબિનમાં સુતેલ અન્ય એક ચાલક અને બસના કલીનરના ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યા હતા. જ્યારે લકઝરીમાં બસમાં બેઠેલ મુસાફરો પૈકી ચારથી પાંચ જણાઓને વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ થઈ હતી. ધડાકાભેર સર્જાયેલ અકસ્માતને પગલે આસપાસમાંથી માણસો દોડી આવ્યા હતા. અને બચાવ કામગીરી કરી હતી. અકસ્માતની જાણ થતાં ઊંઝા પોલીસે ઘટના સ્થળે આવી પહોંચી હતી. અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ગોઝારા અકસ્માતમાં અકાળે મોતને ભેટેલ ખાનગી લકઝરી બસના ચાલક માણેકરામ સુખરામ મની ઉં.વ. ૨૫ રહે. મડાણા મેજપુર, ભૂરારામ હલદરરામ જાટ ચૌધરી ઉં.વ. ૩૫ રહે. બાલેસર, ઓમપ્રકાશ શ્રીરામ બિશ્નોઈ ઉં.વ. ૩૫ રહે. ઘોડામિસ્ત્રી (રાજસ્થાન)નો સમાવેશ થાય છે.



(તસવીર : મહેશભાઈ બારોટ, ઊંઝા)

## સમાચાર ઝલક

- ભારતે અગ્નિ-૧ મિસાઇલનું સફળ પરિક્ષણ કર્યું.
- વોલમાર્ટ બોણી કરશે ગુજરાતથી : આણંદ, અમદાવાદ-બગોદરા હાઇવે પર વોલમાર્ટ સ્ટોર ખુલશે.
- વિમાની ભાડા ઘટાડો કરવા એરલાઇન્સને આદેશ.
- તા. ૩૦મી જાન્યુઆરીથી ગાંધીવાદી સમાજ સેવક અન્ના હજારે કેન્દ્ર સરકાર વિરૂધ્ધ યાત્રા કરશે.
- ૨૧ આઇ.પી.એસ. અધિકારી સામે સી.બી.આઇ.એ તપાસ શરૂ કરી.
- એચ.એસ.બી.સી. બેંકને ભારતીય કાણા નાણાં છૂપાવવા માટે અમેરિકામાં દંડ.
- આકાશ ટેબ્લેટની કિંમત ઘટીને ૩૫ ડોલર થશે.
- ચોટીલામાં તા. ૧૨/૧૨/૧૨ ના દિવસે તસ્કરો ૧૨ સ્થળે ત્રાટક્યા.
- બોલીવુડ અભિનેત્રી મનીષા કોઇરાલાને કેન્સરની સર્જરી સફળ થતાં રાહત મળ્યાં.
- ખાંભામાં ભરશિયાળે કેસર કેરી ઉગતાં કુતૂહલ ફેલાયું.
- એસ.ટી.બસો ચૂંટણીમાં રોકાતાં સેંકડો મુસાફરો રામભરોસે.
- રાજયના પોલીસવડા શ્રી ચિત્તરંજન સિંઘને ચૂંટણીપંચનો ઠપકો.
- ચૂંટણી જંગ પરાકષ્ઠાએ : મતોની સોદાબાજી સામે ચૂંટણીપંચનો સાણસા વ્યૂહ.
- ૧લી જાન્યુઆરીથી રોકડ સબસીડી ટ્રાન્સર યોજનાનો અમલ અસંભવ.
- મુલાયમસિંહની બેનામી આવકની તપાસ સી.બી.આઇ. કરશે : સુપ્રીમકોર્ટનો આદેશ.
- સિરિયા રાજમહેલ સામે બોમ્બ વિસ્ફોટ.
- ઉત્તર ભારતમાં ચાલુ થયો ઠંડીનો પ્રકોપ.
- યુક્રેનની સંસદમાં સભ્યોની મારપીટ.
- સંસદ પર આતંકવાદી હુમલાને ૧૧ વર્ષ થયા, શહીદોને અંજલી અર્પણ.
- ભરૂચ નજીક દાઉદી વોરા સમાજના ૬ વ્યક્તિઓનાં અકસ્માતમાં મોત.